જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૯/૨૦૧૬ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૨૭/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી ૨૫૨ લીટર દેશી દારૂ, ૩૯ ઈંગ્લીશ દારૂ, ૩૫ ક્વૉટર ઇગ્લીશ દારૂ, ૦૧ સ્કુટર અને ૦૧ રીક્ષા કબજે કરી હતી.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૨૮/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૨ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ખુનની કોશિશની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૭૨૯/૧૬

રખિયાલઃ હસીનાબાનુ વા/ઓ સલીમખાન પઠાણ (ઉ.વ.૨૪) (રહે.ગરીબનગર, રશ્મી ઇલેક્ટ્રોનીકની ગલીમા રખિયાલ) એ તા.૨૦/૯/૧૬ નારોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે છેલ્લા ત્રણ માસ અગાઉથી તા.૧૫/૯/૧૬ સુધીના સમયગાળા દરમ્યાન હસીનાબાનુના પતિ સલીમખાન સમીમખાન પઠાણે પત્ની હસીનાબાનુ પઠાણ સાથે બીજા લગ્ન કરેલ હોવા છતાં હસીનાબાનુની બહેન સાથે ત્રીજા લગ્ન કરવાના ઇરાદાથી તા.૧૫/૯/૧૬ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે હસીનાબાનુના સાસુએ દરગાહના પ્રસાદ રૂપે હસીનાબાનુને કેફી પદાર્થ ખવડાવી, હસીનાબાનુનું ગળુ દબાવી જાનથી મારી નાંખવાની કોશિશ કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી એ.બી.દેવધા ચલાવે છે.

## લુંટની ફરીયાદ :- સમાચાર યાદી નં.૧૭૩૦/૧૬

કૃષ્ણનગર : લાજવતીબહેન વા/ઓફ રમેશભાઇ સોમજીભાઇ તેજનાણી (રહે, સર્જન બંગ્લોઝ, પાર્શ્વનાથ ટાઉનશીપ, કૃષ્ણનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૯/૧૬ સાંજના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બે અજાણ્યા પુરૂષોએ આવી કહેલ કે “અમે વીમાના કામે આવેલ છીએ” જેનું ફોર્મ ભરવાનુ કહેતાં, લાજવતીબહેને જાળી ખોલતાં, તેમનાં મોઢામાં રૂમાલ નાંખી, ચપ્પુ બતાવી આરોપીઓએ લાજવતીબહેનનાં હાથમાં પેહરેલ સોનાની બંગડી અને વીંટી કુલ કિંમત રૂપિયા ૧,૨૦,૦૦૦/- મતાની ચોરી કરી પલાયન થઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એ..રાઠોડ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૭૩૧/૧૬

**ખાડીયા** : મયુરભાઈ સુરેશચંદ્ર શાહ (રહે, પ્રશાંતપાર્ક સોસાયટી, પંકજ સોસાયટીની બાજુમાં, ભદ્રા પાલડી) એ તા.૨૦/૯/૧૬ નારોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૫/૧૬ થી તા.૨૦/૭/૧૬ સુધીનાં સમયગાળા દરમ્યાન માણેકચોક એસ.જી.હવેલી રોડ, રૂપાસુર ચાંદની પોળ, ગ્રાઉન્ડફલોર ઉપર આવેલ પોતાની અશ્વ ગોલ્ડ નામની દુકાન નંબર ૧૨૧૯ ખાતેથી આરોપી (૧) યોગેન્દ્ર ઉર્ફે પવનભાઈ રણજીત કુમાર લોઢા (જૈન) (રહે.નવરંગ ટાવર, સાર્થેક સ્કુલની સામે, સતાધર ચાર રસ્તા, થલતેજ) અને (૨) વિકાસ જૈન (રહે.નંદનવન સોસાયટી, રીલાઈન્સ માર્કેટની બાજુમાં, મુંબઈ (મહારાષ્ટ્ર) એ ભેગા મળી સોનાના મંગલસુત્રની શેરી-પેન્ડલોની ખરીદી કરી, જે પેટે કુલ રૂપિયા ૩૩,૩૨,૩૫૨/- બાકી લેવાના નીકળતા હોય જે સોનાના દાગીનાના નાણાં મયુરભાઇને નહીં ચુકવી, વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.ડી.ખાભલા ચલાવે છે.

**ઓઢવઃ** સુરેશકુમાર ભગવાનદાસ શર્મા (ઉ.વ.૫૫)(રહે.યમુનાપાર્ક આદિનાથનગર ઓઢવ) એ તા.૨૦/૯/૧૬ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૯/૧૬ કલાક ૧૦/૦૦ વાગે સુરેશકુમારના મોબાઈલ ફોન ઉપર ફોન નંબર ૭૫૪૧૮૩૯૮૮૯ ફોન ધારક અજાણી વ્યક્તિએ ફોન કરી કહેલ કે બેંકમાથી બોલુ છુ તમારે નવુ ડેબીટ કાર્ડ આવેલ છે તેનુ ટ્રાંઝીકશન કરાવો તેમ કહી એ.ટી.એમ. ના ઉપરના ભાગે લખેલ સોળ આંકડાનો નંબર મેળવી લઈ, સુરેશકુમારને વિશ્વાસમા લઇ સુરેશકુમારના બેંક એકાઉન્ટમાંથી રૂપિયા ૭૩,૫૩૮/- ઉપાડી લઇ છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન.સોલંકી ચલાવે છે.

## વાહન ચોરી :- સમાચાર યાદી નં.૧૭૩૨/૧૬

**ચાંદખેડા** : કોશિકકુમાર કાળીદાસ પંચોલી (રહે, નિરવ પેલેસ, હાઈવે મોલની સામે, ચાંદખેડા) એ તા.૨૦/૯/૧૬ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૯/૧૬ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક પોતાની બોલેરો જીપ નંબર જીજે.૦૧.ડી.ઝેડ.૩૭૫૮ કિંમત રૂપિયા ૮,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૩/૦૯/૧૬ સવારના ૬/૩૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.બી.ચાવડા ચલાવે છે.

**શહેરકોટડા** : દલસુખભાઇ કુલજીભાઇ પટેલ (રહે. અનિલ વકીલની ચાલી, બજરંગ દુધ ઘરની બાજુમાં, રચના સ્કુલ રોડ પ્રેમનગર મેમ્કો) એ તા.૨૦/૯/૧૬ નાંરોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧/૯/૧૬ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે મેમ્કો બ્રીજની બાજુમાં આવેલ, હિંદુસ્તાન ફાઉન્ડ્રીની સામે, પાણીની ટાંકીની બાજુમાં પોતાની ટાટા-૨૫૧૮ ડમ્ફર ટ્રક નંબર જીજે.૧૮.એ.યુ.૭૯૨૯ કિંમત રૂપિયા ૫,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨/૯/૧૬ ના કલાક ૦૩/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.એમ.ચોધરી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વટવા : રાજેન્દ્રકુમાર ખેમાભાઇ મકવાણા (રહે, ખોડીયારનગર, દબાણ ગોડાઉનની સામે, વણકરવાસ બહેરામપુરા)** એ તા.૨૦/૯/૧૬ નાંરોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે **તા.૪/૮/૧૬ રાતના ૧/૦૦ વાગ્યાના સુમારે કોઝી હોટલના સામેના રોડની સાઇડમાં પોતાની ટાટા ACE (છોટા હાથી) ગાડી નંબર.જી.જે.૦૧.સી.ઝેડ.૭૫૧૨ કિંમત રૂપિયા ૨,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી સવારનાં ૯/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી.** આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી **એ.બી.ભટ્ટ** ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)